**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૧ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સાર્વજનિક ગણેશ મહોત્સવ શ્રીજીના વિસર્જન અંતર્ગત બપોરે ૨ વાગ્યે શોભાયાત્રા સે. ૨૨ પંચદેવ મંદિરથી નીકળશે. વિસર્જન સાબરમતી નદીના પટમાં થશે.

### સામાજીક-સાંસ્કૃતિક

● સંસ્કાર ગૃપ દ્વારા સવારે ૮.૫૦ થી ૯.૫૦ દરમિયાન સે. ૭ બગીચા ખાતે સર્વ પિતૃઓને અંજલી અપાશે તથા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનને અનુલક્ષી ગુરૂનો મહિમા સમજાવવામાં આવશે.

● ગુજરાત સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રશ્નાવલી પુસ્તિકાનું વિમોચન બપોરે ૩ વાગ્યે સે. ૧૨ સ્થિત બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા સવારે ૯ થી ૧૨ દરમ્યાન વિદ્યાર્થી આશ્રમ, ભાગોળ, ગામ ઉનાવા (બાલવા) ગાંધીનગર ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. ચૌહાણ ઉદેસિંહ હરીસિંહ ઉ.વ. ૮૨
- સ્વ. સાકરબેન ભલાભાઈ રબારી ઉ.વ. ૭૫
- સજનબા રામાજી વાઘેલા ઉ.વ. ૮૦

# શહેરના રાજમાર્ગો પર શ્રધ્ધાનું ઘોડાપુર

ગાંધીનગર, તા. ૭

"બોલ માડી અંબે... જય જય અંબે...ના નાદથી ગાંધીનગરના રાજમાર્ગો ગુંજી ઉઠ્યા હતા. અંબાજી પગપાળા જતા લાખ્ખો ભક્તો શહેરમાંથી પસાર થયા હતા. નાના બાળકથી લઈ વડીલો પણ માર્ગો પર નજરે પડે છે. આ માઈ ભક્તોમાં ૨૫ વર્ષથી પણ વધુ સમયથી અંબાજી ચાલતા જતા શ્રધ્ધાળુઓનો સમાવેશ થાય છે. માતાજી પ્રત્યેની અપાર શ્રધ્ધા અને મનોકામના પૂર્ણ થતા માનતા પૂરી કરવા અર્થે શ્રધ્ધાથી પદયાત્રીઓ મા અંબાનુ નામ લઈ અંબાજી પગપાળા માટે પ્રયાણ કરે છે.

### મા અંબા પ્રત્યે શ્રધ્ધા દાખવી મોટી સંખ્યામાં ભાવિકો અંબાજી પગપાળા જતા જણાઈ રહ્યા છે



"હું ખેતી કરૂ છુ અને માતાજીની પદયાત્રા વર્ષ ૨૦૦૨થી કરૂ છુ, બસ શ્રદ્ધા છે અને સારી નોકરી મેળવવાની ઈચ્છા હતી, મળી છે. પ્રથમ વર્ષે તકલીફ પડી હતી પછીથી નથી પડી."

**- દિલીપ વાઘેલા, મહેમદાવાદ**
**ઉં. ૩૪ વર્ષ**



"હું છેલ્લા પાંચ વર્ષથી અંબાજી પદયાત્રા કરૂ છુ મને કોઈ જ તકલીફ નથી પડી. માટે કોઈ બાધા ન હતી. પણ બાળકની ઈચ્છા હતી તે પૂરી થઈ."

**- સંજય પરમાર, તારાપુર**
**ઉં. ૩૫ વર્ષ**



"છેલ્લા ૨૭ વર્ષથી હુ મારી મનની ભાવનાથી અંબાજી માતાની પદયાત્રા કરૂ છુ. ગયા વર્ષે બિમાર પડ્યો હતો, પણ માતાજીના હુકમથી અચાનક આવવાનુ થઈ ગયુ. પદયાત્રા કરવાથી મારા બધા રોકાયેલા કામ સફળ થઈ ગયા છે."

**- રોહીત ચુડાસમા, રાયખડ**
**ઉં. ૩૮ વર્ષ**



"હું છેલ્લા પાંચ વર્ષથી માતાજી પાસે પગપાળા જાઉ છુ. મને શ્રદ્ધા છે અને અમારી ખેતી સારી થવા લાગી છે."

**- કોકીલા રાઠોડ, ઊંટવાડા**
**ઉં. ૪૨ વર્ષ**



"હું તેલના ડબ્બાની લે-વેચ કરવાનુ કામ કરૂ છુ. હું છેલ્લા ૨૯ વર્ષથી પગપાળા અંબાજી જાઉ છુ. મારી શ્રદ્ધા પુરી થાય છે એટલે ગમે તે કામ આવે એ પડતુ મુકી અંબાજી જવાનુ એટલે જવાનુ જ. છેલ્લા ૫ વર્ષથી મારા મિત્રને બાળક નથી એટલે મે આ વર્ષે બાધા રાખી છે."

**- શંકર વાઘેલા, નડિયાદ**
**ઉં. ૩૬ વર્ષ**



"હું મજૂરી કામ કરૂ છુ. માલ-સામાન ફેરવુ છુ. છેલ્લા ૩ વર્ષથી અંબાજી પગપાળા જાઉ છુ. નથી કોઈ બાધા, બસ મનથી પદયાત્રા કરૂ છુ."

**- જય પ્રકાશ, નડિયાદ**
**ઉં. ૨૫ વર્ષ**



"લાકડાનો વેપારી છુ, રથ લઈને છેલ્લા ૨૫ વર્ષથી પગપાળા અંબાજી જાઉ છુ. માતાજી મારી સાથે છે એટલે કોઈ બાધા રાખતો નથી."

**- ગોપાલ પટની, સરસપુર**



"હું છેલ્લા ૮ વર્ષથી અંબાજી પગપાળા જાઉ છુ. શરીર સાથ આપે ત્યાં સુધી જઈશ જ. હુ ફૂટનો વેપારી છુ. કોઈ બાધા નથી પણ માતાજીની દયાથી કોઈ કામ અટકતા નથી."

**- વિકી પટની, અમદાવાદ**
**ઉં. ૨૩ વર્ષ**



"જય અંબે મિત્ર મંડળ સાથે છેલ્લા ૧૨ વર્ષથી પગપાળા જાઉ છુ. સરકારી નોકરી હતી હવે રીટાયર્ડ થઈ ગયો. કોઈ જ બાધા નથી, શ્રદ્ધાથી જાઉ છુ."

**- પોપટભાઈ પટની, અમદાવાદ**
**ઉં. ૬૫ વર્ષ**



"હું રીક્ષા ચલાવુ છુ. છેલ્લા ૧૪ વર્ષથી અંબાજીની પદયાત્રા કરૂ છુ. રાજીખુશીથી જાઉ છુ. માતાજી મારા કામ પુરા કરે છે અને બસ ચાલતા જવાની હિંમત આપે છે."

**- ઈશ્મન દેસાઈ, સરસપુર**
**ઉં. ૩૩ વર્ષ**



"હું શાકભાજીનો વેપારી છુ. છેલ્લા ૭ વર્ષથી અંબાજી પગપાળા જાઉ છુ. મનની ઈચ્છાથી જાઉ છુ. બાધા કોઈ જ નથી અને મારો સમગ્ર પરિવાર પણ છેલ્લા ચાર વર્ષથી મારી સાથે પગપાળા જોડાય છે."

**- રમેશ પટની, સારંગપુર**
**ઉં. ૨૬ વર્ષ**

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **છીછોરે**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
● **ઈટ ચેપ્ટર ટુ**
(હિન્દી) ૯.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૫૫, ૧૦.૧૫
● **સાહો**
૯.૦૫, ૧૧.૪૫, ૩.૧૫, ૫.૪૫, ૬.૪૫, ૯.૧૫, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૯.૧૦, ૩.૦૦, ૧૦.૩૦
● **બાટલા હાઉસ**
૧૨.૨૫
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૧૨.૨૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **છીછોરે**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૩.૩૦, ૪.૨૦, ૭.૨૫, ૯.૩૦, ૧૦.૩૦
● **ઈટ ચેપ્ટર ટુ**
(અંગ્રેજી) ૧૨.૩૫, ૬.૪૫
(હિન્દી) ૯.૦૦, ૩.૧૫, ૧૦.૧૫
● **સાહો**
૯.૧૦, ૧૨.૦૦, ૩.૨૫, ૬.૫૦, ૯.૧૫, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૪.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **છીછોરે**
૨-ડી (હિન્દી) ૯.૦૦, ૧૦.૩૦, ૧.૩૫, ૩.૧૦, ૪.૪૦, ૭.૪૫, ૯.૨૦, ૧૦.૫૦
● **ઈટ ચેપ્ટર ટુ**
૨-ડી (હિન્દી) ૮.૪૫, ૧૨.૧૫, ૩.૪૫, ૧૦.૪૫
૨-ડી (અંગ્રેજી) ૭.૧૫
● **સાહો**
૧૧.૩૦, ૩.૦૫, ૬.૪૦, ૧૦.૧૫
● **મિશન મંગલ**
૧૨.૦૫
● **ચિલ ઝડપ (ગુજરાતી)**
૬.૧૫

## કે.વી. ફાર્માસ્યુટિકલ ઈન્સ્ટિટયુટ ખાતે શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત કે.વી. ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજમાં ૨૭ વિદ્યાર્થીઓએ આ દિને પ્રોફેસર તરીકેની ફરજ બજાવી હતી. આ ઉપરાંત વકૃતત્વ સ્પર્ધા તથા પ્રોફેસર અને વિદ્યાર્થીઓ સાથે મળીને વિવિધ રમતોનો આનંદ માળ્યો હતો. કાર્યક્રમના અંતમાં શિક્ષક દિન અને વકતૃત્વ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્ટીફિકેટ તથા ટૉફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા**

# શિક્ષક સજ્જતા કસોટી એવોર્ડ વિતરણ સમારંભ યોજાયો





ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સાતમો શિક્ષક સજ્જતા કસોટી એવોર્ડ વિતરણ સમારંભ શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયો હતો. જેમાં ૫૫૦ શિક્ષકોની હાજરીમાં ૩૭ શિક્ષકોને કુલ રૂ. ૫,૭૫,૦૦૦ના ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. વીણાબેન પટેલ દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે મંડળ આયોજીત શિક્ષક સજ્જતા કસોટી સંસ્થાના સૌ શિક્ષકો વિદ્યાર્થીઓની જેમ સજ્જ થઈને આવે છે અને વિદ્યાર્થીઓની જેમ જ પેપર્સ સોલ્વ કરવાની ઈતઝારી કેળવી. કુલ ૪૨૯ શિક્ષકોએ આ કસોટી આપી હતી. જેમાંથી કડી અને ગાંધીનગરના ૪૬ શિક્ષકોએ આ એવોર્ડ મેળવ્યો છે. જેમને રૂ. ૭,૨૨,૫૦૦ રૂ.ના ચેક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ તેમજ કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સૌ એવોર્ડ વિજેતા શિક્ષકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સમગ્ર શિક્ષક સજ્જતા કસોટીનું સંચાલન પરીક્ષા વિભાગના ડાયરેક્ટર અને એજ્યુકેશન ફેકલ્ટીના ડીન ડૉ. વીણાબેન પટેલ તથા સભ્યો કૌશલ્યાબેન પરીખ તથા કિરણબેન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના આભારવિધિ હર્ષાબેન દ્વારા કરવામાં આવી હતી.

# સોનારડા ગામે યુવકના ઘર પર ટોળાનો હુમલો

## રાયોટીંગ અને એટ્રોસીટીનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પાસે આવેલા સોનારડા ગામે એક યુવકના ઘર પર ટોળાએ હુમલો કરી માર મારવાની ઘટના પ્રકાશમાં આવી છે. બાઈકને સાઈડ આપવા જેવી સામાન્ય બાબતે થયેલી માથાકુટે મોટુ સ્વરુપ ધારણ કરતા ગામમાં ભયનો માહોલ ઉભો થયો હતો. ત્યારે આ મારામારીના બનાવમાં રાયોટીંગ અને એટ્રોસીટીનો ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ જીગ્રેશ રજનીકાંત વાઘેલા (ઉં.વ.૨૭) એ ડભોડા પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ મુજબ ગત ૪ સપ્ટેમ્બરના રોજ સાંજે તેઓ પોતાના મિત્ર સાથે બાઈક પર જઈ રહ્યા હતા. ત્યારે સોનારડા ગલુદણ માર્ગ પર વચ્ચે ચાલતા જતા પાંચ થી છ નાગરીકોને સાઈડમાં જવાનું કહ્યું હતું. જેને પગલે લાલો નામના શખ્સે ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. તેને પગલે તેઓ ઘરે આવી ગયા હતા. આ પછી રાત્રે સાડા આઠના સુમારે ફરીયાદીના મિત્રના ઘરે જઈને કેટલાક શખ્સોએ જાતિ વિષયક શબ્દો બોલીને માથાકુટ કરી હતી. દરમિયાન આસપાસમાંથી ગામના નાગરીકો એકઠા થઈ ગયા હતા અને વરસાદ શરુ થતા બધા જતા રહ્યા હતા. શુક્રવારે સાડા આઠ વાગ્યાના અરસામાં ગામના દિનેશ મણાજી ઠાકોર, અંબાલાલ શકરાજી ઠાકોર, ખોડાજી શકરાજી ઠાકોર, આશાજી બાદરજી ઠાકોર, અલ્પેશ બુધ્ધી સાગર ઠાકોર, મહેન્દ્ર કાનજી ઠાકોર, નાગર રમણજી ઠાકોર અને અન્ય ૫૦ થી વધુ નાગરીકો લાકડીઓ, પાઈપો અને ધારીયા લઈને ધસી આવ્યા હતા. તેઓએ જીગ્રેશ કયા છે, બહાર કાઢો, પતાવી દેવો છે કહીને હલ્લાબોલ કર્યુ હતું. ફરીયાદીના મહોલ્લાના નાગરીકો વચ્ચે પડ્યા છતા આ શખ્સોએ કોઈપણનું સાંભળ્યું ન હતું. તેઓએ ઘરમાં ઘુસીને ફરીયાદીને તેમના માતા-પિતા અને બહેનને મારમાર્યો હતો. જાતિ વિષયક શબ્દો બોલીને છુટા પથ્થરો પણ હુલમાખોર ફેંકતા હતા. એક હુમલાખોરે આટલુ ઓછુ હોય તેમ પાછી ધમકી આપી હતી કે અમારામાં એટલી તાકાત છે કે તમારો આખો મહોલ્લો સળગાવી દઈશું ? જેને પગલે ભયભીત બનેલા ફરીયાદી અને તેમના મહોલ્લાના સભ્યો રાત્રીના સુમારે જ ડભોડા પોલીસ મથકે પહોંચી ગયા હતા. બનાવની જાણ થતા પીએસઆઈ બી.આર.રાઠોડ પણ પોલીસ મથકે તાત્કાલીક પહોંચી ગયા હતા. જયારે ઘટના અંગે રાયોટીંગ અને એટ્રોસીટી એકટ મુજબ ફરીયાદ નોંધાતા કેસની વધુ તપાસ એસસીએસટી સેલના ડીવાયએસપીએ હાથધરી છે.

## એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી.પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત શાળાના ૫૬ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા નિભાવી હતી. શાળાના તમામ શિક્ષકોનું કાર્યક્રમમાં યોગદાન રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક સુપર્ણા મુખર્જી અને શિલ્પા કક્કર દ્વારા આચાર્ય અર્પિત ક્રિશ્યનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



ભાદરવા સુદ નોમના દિવસે ફતેપુરા સે. ૧૫ ખાતે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર વિક્રમ ઠાકોરના ઘરે રણુજાના રાજા રામદેવ પીરના નેજા (ધમ) ચઢાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભક્તો દ્વારા ભજનની રમઝટ બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે મેલાજી ભગત, જીવરાજ ઠાકોર, કિશોર ઠાકોર, ઈશ્વર ઠાકોર, રસિક બારોટ, કિશોરભાઈ મુકેશભાઈ, બાદશાહ પટેલ સહિતના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં નેજા ચઢાવતી વખતે ભક્તો ડીજે અને નાસિક ઢોલના તાલે જૂમી ઉઠયા હતા. અબીલ-ગુલાલની છોડો ઉડાડી નેજાની ઉજવણી કરી હતી.

**ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા**

## મહિલાઓ માટે "બિયોન્ડ ફોર્ટી ઈઝ અ ન્યૂ ટ્વેન્ટી" કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ઉદ્‌ગમ ટ્રસ્ટના ડૉ. ગીતિકા સલુજા દ્વારા 'બિયોન્ડ ફોર્ટી ઈઝ અ ન્યૂ ટ્વેન્ટી'' શિર્ષિત મહિલાઓ માટે ઉદ્‌ગમ સંવાદ તા. ૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૩ વાગ્યે સે. ૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાશે.

કાર્યક્રમમાં નિષ્ણાત વક્તાઓ તરીકે પ્રોફેસર રાવ ભામિદિમરી, જાણીતા ફિલ્મ નિર્માતા મનીષા શર્મા, ઉદ્યોગ સાહસિક પ્રીતિ મુખરજી, રીલેશનશીપ કોચ તુલી બેનર્જી, શિક્ષણવિદ વિના વોરા, ઝવેરી સુજલ શાહ, સદેવ રિશ્તેના નંદિતા મુનશો હાજરી આપી પોતાના મંતવ્યથી જીવનની પ્રેરણાદાયક વાતોની પ્રેક્ષકો સાથે ચર્ચા કરશે. સંવાદનો ઉદેશ હાજર સ્ત્રીઓ પોતાના જીવન સાથે વાતને કનેક્ટ કરી ઈનરેકટીવ રહે તે છે.

૪૦ વર્ષ પછી પોતાના માટે હાલ યાદગાર અધુરા સ્વપ્નાને જીવંત અને સાકાર કરવા તેમજ જીંદગીમાં માણેલ યાદગાર ક્ષણો ફરીથી જિવંત કરવા ઉપરાંત આ કાર્યક્રમ ખાસ શ્રાતાઓને એક નવુ સ્વપ્ર શોધવામાં અને સંતુલિત જીવન જીવવા તરફ દોરી રહેલા વ્યક્તિગત અને વ્યાવસાયિક શ્રેષ્ઠતા માટે પ્રેરણા મેળવવામાં મદદ કરશે જેમાં ૨૦૦થી વધુ સ્ત્રીઓ હાજર રહેશે.

# સાર્વજનિક ગણેશોત્સવમાં 'ટેલેન્ટ શૉ' યોજાયો





ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સેકટર-૨૨નાં રંગમંચ ખાતે સાર્વજનિક ગણોત્સવ સમિતિની સુવર્ણ જયંતિ નિમિત્તે આપણું ફાઉન્ડેશનના બાળકો દ્વારા અનોખો 'ટેલેન્ટ શૉ' રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેરની સરકારી પ્રા. શાળાના આર્થિક રીતે નબળા તેમજ શ્રમજીવી પરિવારના બાળકોને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાની સુવર્ણ તક આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્યહેતુ આર્થિક રીતે નબળા બાળકોને પોતાનામાં રહેલી આગવી ઓળખ મળી રહે અને તેમની કલાને લોકો સામે લાવવાનો હતો.

આ ટેલેન્ટ શૉમાં ગાંધીનગરની જુદી જુદી સરકારી પ્રા.શાળાઓમાં અભ્યાસ કરતા




૩૦૦ જેટલા બાળકોએ ભાગ લઈ, ગણેશ વંદના, દેશભક્તિ, ડાન્સ, બોલીવુડ મેશ-અપ ડાન્સ, ગુજરાતી મેશ-અપ ડાન્સ, સિંગિંગ, ક્રિશ્ના ડાન્સ, ફ્રી સ્ટાઈલ ડાન્સ, પ્રાચીન ગરબો અને યોગા ડાન્સ સહિતનાં વિવિધતા સભર કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ ટેલેન્ટ શૉ દ્વારા આ શ્રમજીવી બાળકોને સમાજ સાથે જોડાવાની તક મળી તેમજ નાગરિકોને પણ બાળકોમાં રહેલી આગવી પ્રતિભાની ઓળખ થઈ.

આ કાર્યક્રમ નિહાળવા ગુજરાત રાજયના મા. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિશ્વવિખ્યાત સોશિયલ એન્ટરપ્રેન્યોર રુઝાન ખંભાતા, ઉમિયા માતા સંસ્થાનનાં અધ્યક્ષ ભારત પટેલ તેમજ અન્ય હોદ્દેદારો, લેઉવા પટેલ સમાજના ભૂપતભાઈ વોરા તેમજ અન્ય હોદ્દેદારો, અન્ય પાટીદાર સમાજના અગ્રણીઓ, કાઉન્સિલ કાર્તિક પટેલ, ધવલ દવે, બીપીન રાવલ, પ્રદીપભાઈ બિહોલા, તમામ શાળાના આચાર્યાઓએ ઉપસ્થિત રહીને તમામ બાળકોને પ્રેરણા બળ પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબા સરવૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં આપણું ફાઉન્ડેશનની સમગ્ર ટીમ, સરકારી શાળાના આચાર્યો તેમજ શિક્ષક, ગણેશોત્સવ સંસ્થાના, મિતુલ જોષી,વૈભવ જાની, રાકેશ જાની, મુકેશ મારુ, અશ્વિન સુહાન અને યુવરાજસિંહ રાણા, ખુમાનસિંહ રાણાનું મુખ્ય યોગદાન હતું, અધ્યક્ષ નિશિત વ્યાસે તથા સમિતિના સર્વે હોદ્દેદારોનો કાર્યક્રમ સફળ બનાવવા આભાર માન્યો હતો.

# રાંધેજા પાસે ટ્રૈલરની અડફેટે પદયાત્રીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭

બોલ મારી અંબે.. જય જય અંબેના નારાથી શહેરના રાજમાર્ગો ગુંજી રહ્યા છે. રોજના લાખો પદયાત્રીકો નગરના માર્ગો પરથી પસાર થાય છે. ત્યારે આજે બપોરના સુમારે રાંધેજા પાસે અમદાવાદથી ચાલતા જતા પદયાત્રી ટ્રેલરની અડફેટે આવી જતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત પદયાત્રીને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા, જયા જો કે સારવાર મળે તે પહેલા જ પદયાત્રીનું મૃત્યું નિપજયું હતું.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના જુનાગામના રહેવાસી કલનભાઈ કલ્લાભાઈ માવી (ઉં.વ.૪૫) અન્ય બે ભકતો સાથે અમદાવાદ થી ચાલતા અંબાજી જવા માટે નીકળ્યા હતા. ત્યારે શનિવારના બપોરના ૩ વાગ્યાના સુમારે તેઓ રાંધેજા પાસે રાજાપુરોહિત દાલબાટી પાસે પહોંચ્યા હતા તે સમયે અચાનક ટ્રેલરની અડફેટે આવી ગયા હતા. જેને પગલે પદયાત્રીને ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડ્યા હતા. જો કે તેમને સારવાર મળે તે પહેલા જ તેમનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે મૃતદેહનું પીએમ કરાવી ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**નવુ ટ્રેલર લઈને રાજસ્થાન જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત નડ્યો**

રાજસ્થાનના બાડમેર જિલ્લાના ભલ્લીતર ગામના રહીશ ટ્રેલર ચાલક કશ્મીરખાન રહીમખાન સમા (ઉં.વ.૪૭) શનિવારના રોજ નવા ટ્રેલરની ખરીદી કરી હતી. શો રૂમ પર બધી પ્રોસેર પુરી કરીને રાજસ્થાન જવા માટે નીકળ્યા હતા તે સમયે બપોરના સુમારે રાંધેજા પાસે ટ્રેલરની અડફેટે પદયાત્રી આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેને પગલે પોલીસે ટ્રેલર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.